Take notice that Prashant Diamond Industries through its Proprietor Nanjibhai Keshavlal Lakhiaisthe owner having right, title, interest and possession of Sub Plot No. A-3 Paiki admeasuring 352.3619 sq. mtrs., Consolidated Survey No.1123, City Survey No.111, Ward: Mansa – 2, Mouje: Mansa, Taluka: Mansa, District Gandhinagar and. Despite due diligence some of the original documents relating to the title of the said property are not found and traceable and are misplaced/lost. The documents misplaced/lost are original of sale deed dated 23/11/1987 registered at Sr. No.1862 and its original registration receipt. In such circumstances title clearance certificate is sought and therefore it is here by inform that in case anybody have / has any claim, right or interest of any nature relating to the above property or the document concern, the undersigned may be informed in writing with necessary proof within 14 days from the date of this notice. In the event if no objection is received within stipulated time then it would be deemed that any objection or dispute shall be deemed to have been waived and title clearance certificate of the above property shall be issued and would proceed further. The public at large and the concerned person may take note of the same. **Date: 20/08/2020**

**Vimal M. Patel, Solicitor & Advocate** | **VMP Legal, Solicitor & Advocates**
423, Platinum Plaza, Judges Bungalow Road, Bodakdev, Ahmedabad. **Phone: 26840304**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

Bank of Baroda
**Regional Office, Bhavnagar Dena Bhavan, 2nd Floor, Lokhand Bazar, Khargate, Bhavnagar - 364001**

**Tender for Acquiring premises on lease/rental basis for alternate premises of Surendranagar Main Branch, Dist. : Surendranagar**

**Bank of Baroda** intends to acquire Premises on lease/rental basis for alternate premises of its **Surendranagar Main branch :**

| Sr No | Branch Name and Centre | Desired alternate location | Carpet Area required in (Sq. Ft.) |
|---|---|---|---|
| 1 | Surendranagar Main Branch. Handloom Chowk, Nutan Biran Building, M. G. Road, Surendranagar- 363001. | Within ST bus stand area to M. G. Road, Surendranagar | 2030 to 2475 Sq. Ft. |

For details, please visit our Bank's Website www.bankofbaroda.com/tenders.asp.

**Last date for submission of tenders is 10.09.2020 (Thrusday) (3.00 PM)**

Dy General Manager,
Bank of Baorda

इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

**Bombay Market Branch, Old Bombay Market, Umarvada, Surat.**

### POSSESSION NOTICE (FOR IMMOVABLE PROPERTY)

WHEREAS, The undersigned being the Authorised Officer of the Indian Bank (erstwhile Allahabad Bank) under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act 2002 and in exercise of powers conferred under Section 13 (12) read with rule 8 and 9 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice dated 05/02/2020 calling upon the Borrower **M/s. Om Textiles (Proprietorship Firm and Borrower), Mr. Sanjaybhai Ballubhai Patel (Proprietor of M/s. Om Textiles and Guarantor), Late Mr. Santosh Rajaram Sirsath (Guarantor and Mortgagor) through his legal heirs – Mrs. Varchalaben Santoshbhai Sirsath (Legal Heir cum Widow of Late Mr. Santosh Rajaram Sirsath), Mr. Vijaybhai Santoshbhai Sirsath (Legal Heir cum Son of Late Mr. Santosh Rajaram Sirsath), Mrs. Kalpanaben Santoshbhai Sirsath (Legal Heir cum Daughter of Late Mr. Santosh Rajaram Sirsath) and Mr. Sanjaybhai Santoshbhai Sirsath (Legal Heir cum Son of Late Mr. Santosh Rajaram Sirsath), Mrs. Nikitaben Sanjaybhai Sirsath (Guarantor), Mr. Sanjay Santosh Sirsath (Guarantor) and Mr. Shailesh Manharbhai Patel (Guarantor and Mortgagor)** with our Bombay Market, Surat Branch to repay the amount mentioned in the notice being **Rs.1,25,75,605/-** (Rupees One Crore Twenty Five Lakh Seventy Five Thousand Six Hundred Five Only) within 60 days from the date of receipt of the said notice.

The borrower having failed to repay the amount, notice is hereby given to the borrower and the public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him / her under section 13(4) of the said Act read with rule 8 and 9 of the said rules on this **18th day of August of the year 2020.**

The borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the subject property will be subject to the charge of the **Indian Bank (erstwhile Allahabad Bank)** for an amount of **Rs.1,25,75,605/-** (Rupees One Crore Twenty Five Lakh Seventy Five Thousand Six Hundred Five Only) and interest thereon.

The borrower's attention is invited to provisions of sub section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**DESCRIPTION OF THE IMMOVABLE PROPERTY**

(A) All that piece and parcel of freehold immovable property bearing Plot No. 36, admeasuring 52.50 sq. mtrs., together with undivided share in road and COP of 'Ranchodji Park Housing Society', situated on the land bearing Revenue Survey No. 140of Village: Katargam, Taluka: Choryasi, Dist: Surat, standing in the name of Late Mr. Santosh Rajaram Sirsath. Bounded: On the North by: Adj Society, On the South by: Adj Society, On the East by : Plot No. 35, On the West by: Plot No. 37.

(B) All that piece and parcel of leasehold residential property bearing Flat No. 22/455, adm. 359.70 sq. fts. i.e. 33.43 sq. mtrs., in Gujarat Housing Board, situated and constructed on the leasehold land bearing R.S. No. 78, 79/paiki, T.P. No. 8, City Survey No. 3222 of Ward: Umarwada, Sub Dist: Surat City, Dist: Surat, standing in the name of Mr. Shaileshbhai Manharbhai Patel, vide registered Sale Deed No. 13450 dated 05/07/2012. Bounded: On the North by: Open Space, On the South by: Flat No. 454, On the East by : Flat No. 546, On the West by: Open Space and Road.

**Date: 18/08/2020** **Chief Manager & Authorised Officer,**
**Place: Surat** **(Indian Bank)**

### ૧૩૦ ચોરસ કિલોમીટર કરતાં વધુ ભુભાગમાં ફેલાયેલા

# જાંબુઘોડા વન્ય જીવ અભયારણ્ય માં ૧૮૦ થી વધારે જાતિ અને પ્રજાતિઓના પક્ષીઓનો અડ્ડો




વડોદરા તા.૧૯

કાળિયા કોશીનો માળો જે સ્થળે જોવા મળે એની આસપાસ બારીકાઇ થી નિરીક્ષણ કરવું જોઈએ.કારણકે પીળક,દુધરાજ, નાચણ જેવા પક્ષીઓ કાળીયા કોશીના માળા નજીક પોતાના માળા બાંધે છે એટલે નિરીક્ષણ કરવાથી એ પક્ષીઓ જોઈ શકાય. ઘણાં પક્ષીઓ સમાગમની ઋતુમાં અલગ રંગ ધારણ કરતાં હોય છે જેને બ્રીડીંગ પ્લુમેજ કહેવાય છે.ઘણી પક્ષી પ્રજાતિઓ અવાજ થી ઓળખી શકાય છે એટલે નિરીક્ષણ ની સાથે અવાજ સાંભળવાની ટેવ પક્ષી દર્શનમાં મદદરૂપ બને છે.વન્ય જીવ છબીકાર ડો.રાહુલ ભાગવત પાંખાળા દેવદૂત જેવા પક્ષીઓના જીવનની વિવિધ ખાસિયતો ના ઊંડા અભ્યાસી છે.ઉપરોકત જાણકારી તેમણે તાજેતરમાં પરીસરિય પ્રવાસન વિકાસ સમિતિ,ધનપુરી દ્વારા પ્રકાશિત જાંબુઘોડા વન્ય જીવ અભયારણ્ય પક્ષી માર્ગદર્શિકામાં આપી છે. તેમણે વડોદરા વન્ય જીવ વિભાગના દિશા નિર્દેશો હેઠળ આ અગાઉ રતનમહાલ ની પક્ષી સમૃદ્ધિ ને લગતી માર્ગદર્શિકા પણ આલેખી છે.

૧૩૦ ચોરસ કિલોમીટર કરતાં વધુ વિસ્તારમાં ફેલાયેલું જાંબુઘોડા વન્ય જીવ અભયારણ્ય પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લાના વન વિસ્તારોને આવરી લે છે.જૂની વાત યાદ કરીએ તો વડોદરાના જાણીતા પર્યાવરણવિદ સ્વ. ડો.ગુણવંત ઓઝા અને જાંબુઘોડાના પૂર્વ રાજવીએ આ જંગલને અભયારણ્ય જાહેર કરાવવા માટે ખૂબ અભ્યાસપૂર્ણ રજૂઆતો કરી હતી.

ડો.રાહુલ આ અભયારણ્ય ને કુદરત દ્વારા મધ્ય ગુજરાતને મળેલી અદભૂત ભેટ તરીકે મૂલવે છે.વન સંપદા ની દ્રષ્ટીએ સૂકા પાનખર અને મિશ્ર પ્રકારનું આ જંગલ ૧૮૦ થી વધુ જાતિ પ્રજાતિના પક્ષીઓનું નિવાસ સ્થાન કહો કે અડ્ડો છે. અહીં સ્થાનિક અને યાયાવર,બંને પ્રકારની પક્ષી વિવિધતા જોવા મળે છે જેમાં દુધરાજ, પીળક, તુઈ અને સુડો પોપટ,બુલબુલ, વૈયા,માછીમાર ઘુવડ અને વિવિધ પ્રકારના ઘુવડ નો સમાવેશ થાય છે.

વડોદરા શહેર થી દોઢ કલાક એટલે કે અંદાજે ૭૦ કિલોમીટર ના અંતરે આવેલું આ અભયારણ્ય કુદરત ના ખોળે વિહરવાની ઉત્તમ તક આપે છે.જો કે ચોમાસામાં અહી પ્રવાસીઓનો પ્રવેશ નિષેધ હોય છે. એ સિવાયની મોસમમાં કુદરતના આ લીલા ખજાનાને વન વિભાગની પરવાનગી થી માણી શકાય છે.

બિલાડી કુળનું માંસાહારી પ્રાણી દીપડો આ જંગલનું મુખ્ય પ્રાણી છે.આ ઉપરાંત અહી રીંછ,ઝરખ, વણીયર,તાડ વણીયર, શાહુડી, ઘોરખોદિયું,શિયાળ,ચોશિંગા,નીલગાય અને જંગલી ભૂંડ,ચામાચીડિયાં અને સસ્તન વર્ગના પ્રાણીઓ,વિવિધ પ્રકારના સાપ સહિતના સરીસૃપો,પતંગિયા,કીટકો,કરોળિયા વસવાટ કરે છે.આમ,જીવ વિજ્ઞાનના અભ્યાસની વિશદ તકો આ જંગલ આપે છે. ડો.ભાગવત બહુ સૂચક રીતે પક્ષી દર્શનની રીત સમઝાવતા કહે છે કે પક્ષીઓ જોવા જતા સાથે એક જોડીદાર હોય તો વધુ સારું.પણ બે થી વધુ વ્યક્તિઓ હોય તો ટોળું બની જાય અને નિરીક્ષણ ની મઝા બગડે.કપડાં પણ ભપકાદાર ન પહેરતા આસપાસના પરિસર સાથે એકરૂપતા સધાય તેવા પહેરવા. આ માર્ગદર્શિકા ના આલેખનમાં વડોદરા વન્ય જીવ વિભાગના વન સંરક્ષક આરાધના સાહુ,નાયબ વનસંરક્ષક બી. આર.વાઘેલા, મદદનીશ વન સંરક્ષક ડો.ધવલ ગઢવી ના માર્ગદર્શનને તેઓ બહુમૂલ્ય ગણાવે છે અને વિશેષ યોગદાન માટે નિશા ભાગવત અને ક્ષેત્રીય વન કર્મચારીઓને બિરદાવે છે.

### ડભોઇ શિનોર રોડ પર

# એકટીવા સવાર મહિલાના પર્સની ચીલઝડપ કરી અજાણ્યો બાઈક સવાર ફરાર

વડોદરા,તા.૧૯

શિનોર રોડ પર એકટીવા ઉપર જતી મહિલાના પર્સમાંથી બે મોબાઇલ ફોનની ચીલઝડપ કરી અજાણ્યો બાઇક સવાર ફરાર થઇ જતા મહિલાએ ડભોઇ પોલીસ મથકે મોબાઇલ ચોરી ની ફરીયાદ નોંધાવી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર સ્મિતાબેન ભુપેન્દ્રકુમાર વસાવા ઉ.વ. ૩૪ રહેવાસી ડભોઇ અક્ષર સીટી નાની ગઇકાલે એકટીવા ઉપર ડભોઇથી શિનોર તરફ જવાના રોડ પર જતી હતી એ દરમિયાન અજાણ્યા વાહન ચાલકે સ્મિતાબેન વસાવાની એક્ટીવાનો પીછો કરી તેણીએ ખભે ભેરવા પર્સને ખેંચી પર્સમાંથી જીયો તથા રેડમી કંપનીના બે મોબાઇલ ફોન સીમકાર્ડ સાથેના તેમજ રોકડા રૂા. ૨૫૦ મુકેલ પર્સમાંથી ચીલઝડપ કરી અજાણ્યો બાઇક સવાર શખ્સ આજ રોડ પર ફરાર થઇ ગયો હતો. ગભરાય ગયેલ મહિલાએ બુમાબુમ કરતા અન્ય વાહન ચાલકો ઉભા રહ્યા હતા અને મદદે આવ્યા હતા જો કે ચીલઝડપ કરનાર શખ્સ ફરાર થઇ જતા ડભોઇ પોલીસ મથકે મહિલા સ્મિતાબેને પર્સ ચીલ ઝડપની ફરીયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### છાણી જકાત નાકાથી પંડયા બ્રીજ તરફ જતા માર્ગ પર

# વિદેશી શરાબનો જથ્થો અને દેશી માઉઝર સાથે શખ્સની ધરપકડ

વડોદરા,તા.૧૯

બાઇક પર વિદેશી શરાબનો જથ્થો અને દેશી માઉઝર સાથે શંકર ઉર્ફે રાહુલ જાદવની ફતેગંજ પોલીસે ધરપકડ કરી હતી કોરોના (ટેસ્ટ) પરિક્ષણ થયા બાદ આરોપીની ધરપકડ કરવામાં આવશે.

દેશી બનાવટની માઉઝર ક્યાંથી લાવ્યો હતો અને કોણે આપવાનો હતો?તે અંગેની વિગતો પોલીસ તપાસના અંતે બહાર આવશે. તેમ મનાય છે. ડીસીબી પોલીસના સ્ટાફના હે.કો. દિપકકુમાર જબ્બરસીંગ તથા અન્ય પોલીસમેનો પેટ્રોલીંગમા નીકળ્યા હતા. ત્યારે બાતમી મળી હતી. કે છાણી જકાત નાકાથી પંડયા બ્રીજ તરફ બાઇક પર શરાબનો જથ્થો સાથે શંકર જાદવ પસાર થવાનો છે.આથી પોલીસે વોચ ગોઠવી હતી.

દરમિયાન તે માર્ગ પરથી પસાર થતા વર્ણનવાળા અજાણ્યા બાઇક ચાલકને હાથના ઇશારે પોલીસે આંતરી લીધો હતો ત્યાર બાદ તલાશી લેતા દેશી બનાવટની માઉઝર તથા વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બાઇક વિદેશી શરાબનો જથ્થો અને દેશી માઉઝર સહિતનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

ફતેગંજ પોલીસ મથકે આર્મ્સ એકટ તથા નશાબંધી ધારા હેઠળ નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે શંકર ઉર્ફે રાહુલ જાદવ (રહે. ૫૦, એલ.કે. નગર એફસીઆઇ ગોડાઉન પાસે પ્રિયલક્ષ્મી મીલની પાસે સયાજીગંજ)ની ધરપકડ કરી હતી. કોરોના ટેસ્ટ (પરીક્ષણ) થયા પછી આરોપી શંકર જાદવની ધરપકડ કરવામાં આવશે. તેમ જાણવા મળ્યું હતું.

### છેલ્લા ૧૦ દિવસથી શહેર-જીલ્લાને ઘરમોડી રહેલા

# મેઘરાજાએ વિરામ લેતા સૂર્યનારાયણે નગરવાસીઓને દર્શન આપ્યા

વડોદરા,તા.૧૯

છેલ્લા દશ એક દિવસથી વડોદરા શહેર-જીલ્લામાં મનમુકીને વરસી રહેલા મેઘરાજાએ આજે વિરામ લેતા સૂર્યનારાયણ દેવે નગરવાસીઓને દર્શન કરાવ્યા હતા. એટલુંજ નહીં વરસાદના વિરામને પગલે બેઘર બનેલા પરિવારો તથા નીચાણવાળા વિસ્તારના રહીશોએ રાહતનો દમ લીધો હતો. તદઉપરાંત સામાન્ય જનજીવન પુનઃ ધબકી ઉઠયું હતુ સાથે સાથે વરસાદના ભરાયેલા પાણી ધીમે ધીમે ઓસરવા લાગ્યા હતા.

આજે સવારથી જ વરસાદે વિરામ લેતા સમગ્ર શહેર જીલ્લામાં ઉઘાડ નીકળતા વહીવટીતંત્ર તથા ખેડુતોએ રાહત અનુભવી હતી અને ખેડુતોએ વરસાદ રોકાય જવાની આશા સાથે ખેતી કામની કામગીરી શરુ કરી હતી. વરસાદે વિરામ દરમિયાન વિતેલા ચોવીસ કલાકમાં નહીવત વરસાદ નોંધાયો હતો. સૌથી વધારે વડોદરા તાલુકામાં પોણા બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

### પાલિકા પાસે વર્ષોથી ટાઉન પ્લાનર નથી

# ૭૦ માળની બિલ્ડીંગનું મેન્ટેનન્સ મોંઘુ પડશે માત્ર ધનાઢ્યો માટે રહેવું શક્ય બનશે

વડોદરા, તા.૧૯

રાજય સરકારે ૭૦ માળ સુધી બિલ્ડીંગ બનાવવાની મંજુરી આપી છે. પરંતુ વડોદરા કોર્પોરેશનનાં ટાઉન પ્લાનીંગ વિભાગમાં કોઈ ચોક્કસ પ્લાનરની જ જગ્યા વર્ષોથી ખાલી પડેલી છે. તેની નિયમિત ભરતી ન કરાતા ટાઉન પ્લાનીંગ વિભાગના ઘણાં નિયમોમાં ભાંગરો વટાતો હોય છે.

રાજય સરકારે અનેક પાસાઓની ચકાસણી કરી પાંચ શહેરોમાં ૭૦ માળ સુધીની હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવવાની મંજુરી તો આપી છે. પરંતુ વડોદરાનાં આવા બિલ્ડીંગ બનવા સામે અત્યારથી જ પ્રશ્નાર્થ સર્જાઈ ગયો છે. બે વર્ષ અગાઉ સરકારે ૨૨ માળ સુધીની બિલ્ડીંગોને મંજુરી આપી હતી પરંતુ વડોદરામાં ખાસ આટલી ઉંચી બિલ્ડીંગો જ બની નથી. આંગળીના ટેરવે ગણાય એટલી બિલ્ડીંગો બની હશે પરંતુ આ બિલ્ડીંગોમાં દશથી ૧૨ માળ ભરાયા છે, પછી સીધા ૨૧ અને ૨૨મો માળ ભરાય છે. પરંતુ વચ્ચેના દશ માળ વેચાયા વિના પડી રહ્યા છે. તેવી જ રીતે આવી બિલ્ડીંગોમાં રહેવું અત્યંત ખર્ચાળ સાબિત થતું હોય છે. આવી બિલ્ડીંગોનું મેન્ટેનન્સ, પાણી-લિફ્ટની સુવિધા આપવી અહી રહેતા લોકો માટે મોંઘી સાહિત થાય છે. શહેરમાં હાલ ઘણી એવી ૭-૮ માળની ઈમારતો છે. જ્યાં મેન્ટેનન્સનો પ્રશ્ન હોય. આવી સ્થિતીમાં હાઈરાઈઝ બિલ્ડીંગમાં રહેવું માત્ર ધનાઢ્ય લોકોને પોષાય તેવું શક્ય હશે.

પાલિકાના ચિફ ફાયર ઓફીસર પાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે અમે ૪૦મીટર સુધીના મકાનની હાલ એનઓસી આપીએ છીએ. તે પ્રમાણે અંદાજે ૧૩ માળની બિલ્ડીંગો બની શકે. એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે શહેરમાં ૫૩૧ હાઈરાઈઝ બિલ્ડીંગ હોવાનું નોંધાયેલું છે.

### ખાનગી ફેબ્રિકેશનનાં કારખાનાની દિવાલ પાછળ મુકેલી

# દારૂ-બિયરનાં જથ્થા સાથે બિનવારસી કાર પોલીસને મળી આવી

વડોદરા,તા.૧૯

મંજુસરથી કુનવાડ જવાના રોડ પર એક ખાનગી ફેબ્રિકેશનના કારખાના પાછળ દારુનો જથ્થો ભરેલી કાર બિનવારસી હાલતમાં ભાદરવા પોલીસને મળી આવી હતી. ભાદરવા પોલીસની ટીમ ટુંડાવ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમા હતી એ દરમિયાન પીએસઇ બી.ડી.જાડેજાને બાતમી મળી હતી કે મંજુસરથી કુનવાડ જવાના રોડ પર આવેલ ફેબ્રીકેશનના કારખનાની દિવાલ પાછળ બિન વારસી શંકાસ્પદ હાલતમાં કાર પડી છે.જેથી પોલીસ બનાવ સ્થળે પહોચી હતી જયાં પંચોની હાજરીમા કારના કાચ તોડી તેમા તપાસ કરતા કારમાંથી દારુના ક્વાટરીયા ૭૧૮ કિંમત રુા. ૭૧,૮૦૦ તથા બિયરની ટીન નં. ૧૨૦ કિંમત રુા. ૧૫,૬૦૦ નો જથ્થો મળી આવ્યો હતો પોલીસે દારુ બિયરનો જથ્થો સાથે મુકેલી કારનો કબ્જો મેળવી કુલ રુા.૨.૮૭ લાખનો મુદામાલ જપ્ત કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મુખ્યમંત્રીનો મહેસૂલી પ્રક્રિયા સરળીકરણનો પ્રજાલક્ષી વધુ એક નિર્ણય

ગાંધીનગર,તા.૧૯

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ મહેસૂલી પ્રક્રિયા સરળીકરણનો વધુ એક પ્રજાલક્ષી નિર્ણય લઇને જમીન તકરારી નોંધની અપિલ સૂનાવણી હવે સીધી પ્રાંત અધિકારી કક્ષાએ કરવા અંગેની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

અગાઉ આવી તકરારી નોંધ જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨-૧૦૮ અન્વયે પહેલાં મામલતદાર કક્ષાએ સૂનાવણી હાથ ધરાયા બાદ પ્રાંત અધિકારી કક્ષાએ અને તે પછી કલેક્ટર સમક્ષ અપીલ કરવાની રહેતી હતી. વિજયભાઇ રૂપાણીએ હવે આ પ્રક્રિયાને વધુ સરળ બનાવતાં જુદા જુદા ત્રણ તબક્કે મહેસૂલી અધિકારીઓ સમક્ષ કરવાની થતી અપિલને સ્થાને માત્ર બે તબક્કે એટલે કે પ્રાંત અધિકારી અને કલેક્ટર કક્ષાએ કરવાનો પ્રજાહિતકારી અભિગમ અપનાવ્યો છે. રાજ્યના મહેસૂલ વિભાગે આ અંગેનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડયું છે. આ જાહેરનામું આખરી (ફાયનલ) થયા બાદ રાજ્યમાં આ પ્રક્રિયાનો અમલ કરાશે. મુખ્યમંત્રીના આ નિર્ણયને પગલે હવે જમીન તકરારી નોંધ અંગે સમયમર્યાદામાં નિર્ણય થઇ શકશે અને બિનજરૂરી લીટીગેશન નિવારી શકાશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે હક્કપત્રક એટલે ગામ નમુના નં. ૬ જેમાં હક્ક સંપાદન થાય ત્યારે નોંધ કરવામાં આવે છે. સામાન્ય રીતે ૧૧ પ્રકારની નોંધ પાડવામાં આવે છે. આ પ્રકારની નોંધો અંગે નિર્ણય (પ્રમાણિત અથવા નામંજુર) કરવાની સત્તા નાયબ મામલતદારની છે.ઘણી બધી વખત જૂદા જૂદા કારણોસર હક્કપત્રકની નોંધોની નોટિસ આપવામાં આવે તે સમયે પક્ષકારો તરફથી કે ત્રાહિત પક્ષકાર તરફથી પણ વાંધો લેવામાં આવતો હોય છે.

તેના કારણે હક્કપત્રકની નોંધો સમય મર્યાદામાં મંજૂર ન થવાથી હુકમની નોંધના કિસ્સાઓમાં રેકર્ડે અસર આવતાં ઘણો બધો સમય પસાર થઇ જાય છે. આ કારણે પક્ષકારને પ્રતિકૂળ અસર થવાની સંભાવના રહે છે. આમ, તકરારના કારણે નોંધની રેકર્ડે અસર લેવામાં વધુ ને વધુ વિલંબ થાય તે કારણે અરજદારને તેનો હક્ક સમયમર્યાદામાં ન મળવાથી સંતોષ થતો નથી તથા કેટલીક વખત બિનજરૂરી લીટીગેશનને પણ નોતરે છે.

# સમગ્ર રાજયમાં ૨૧ થી ૨૭ ઓગષ્ટ સુધી વરસાદ થવાની શકયતા

ગાંધીનગર,તા.૧૯

રાજયમાં હાલ ચારેબાજુ વરસાદી માહોલ છવાયેલો છે, ત્યારે હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં રાજયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં સર્જાઇ રહેલા લો પ્રેશરને કારણે સમગ્ર રાજયમાં ૨૧થી ૨૭ ઓગસ્ટ સુધી વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરાઇ રહી છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસમાં સાબરકાંઠા, અરવલ્લી, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, તાપી સુરેન્દ્રનગર, દેવભુમિ દ્વારકા, વલસાડ, જામનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, પોરબંદર અને મોરબીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત ખેડા, આણંદ અને દેવભુમિ દ્વારકામાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આજથી એટલે કે ૧૯થી ૨૨ ઓગસ્ટે તમામ એલર્ટ રહેવા માટે અને જરૂરી આગોતરી તૈયારીઓ કરવા માટે પણ રાહત કમિશ્નર દ્વારા તાકીદ કરવામાં આવી છે.

ઈમરજન્સી સર્વિસિસનાં તમામ કર્મચારીઓની રજાઓ પણ રદ્દ કરવા માટેની તજવીજ સરકાર દ્વારા હાથ ધરાઇ છે. કચ્છમાં છેલ્લા ત્રણેક દિવસથી સચરાચર મેઘમહેર વરસાવ્યા બાદ મંગળવારે જિલ્લામાં મેઘરાજાએ વિરામ રાખ્યો હોય તેમ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું, પરંતુ ઝાપટાં સિવાય ક્યાંય પણ નોંધપાત્ર વરસાદ પડયો નહોતો. જોકે, સાંજે ૫.૩૦ વાગ્યાના અરસામાં હળવા ઝાપટાં પડતાં માર્ગો પરથી પાણી વહી નીકળ્યા હતા. આ ઉપરાંત અંજારમાં અઢી ઈંચ, ભચાઉમાં એક ઈંચ તેમજ પાવરપટ્ટી પંથકનાં ગામોમાં પણ ઝાપટાંના પગલે વરસાદી પાણી વહી નીકળ્યા હતા. સોમવારે નોંધપાત્ર બેથી અઢી ઈંચ વરસાદ પડયા બાદ ભુજમાં મંગળવારે સવારથી આકાશ ગોરંભાયેલું રહ્યું હતું અને ક્યારેક ક્યારેક ઝરમર વરસાદ પડતો હતો અને બંધ થઈ જતો હતો. જોકે, સાંજે ૫.૩૦ વાગ્યે શરૂ થયેલા ઝરમર ઝાપટાં થોડીજ વારમાં જોરદાર વરસાદમાં પરિણમ્યા હતા, જેના પગલે દોઢ ઈંચ જેટલું પાણી વરસી ગયું હતું. આ વરસાદી પાણી માર્ગો પર વહી નીકળતાં માર્ગો પરના ખાડાઓમાં પાણી ભરાયા હતા. જિલ્લાનાં માંડવી, મુન્દ્રા, ગાંધીધામ, લખપત સહિતના વિસ્તારોમાં ક્યાંક ઝરમર તો ક્યાં હળવા ઝાપટાંરૂપે વરસાદ પડયો હતો જેનાથી માર્ગો ભીંજાયા હતા. અંજારમાં સાંજે ૪થી ૬ વાગ્યાના અરસામાં એટલે કે ૨ કલાકમાં ૬૫ મિમી એટલે કે અઢી ઈંચ વરસાદ પડયો હતો. વરસાદથી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. પાણી સતત રોડ પર ભરેલું રહેવાથી દ્વિચક્રી વાહનચાલકો તથા રાહદારીઓને અન્ય રસ્તા પરથી પસાર થવું પડે છે.

તાલુકાભરમાં આજે મંગળવારે વરસાદ પડયો હોવાથી કપાસ, તલ, ગુવાર, મગફળી સહિતના પાકોમાં નુકસાની વેઠવી પડશે તેવી ભીતિ ખેડૂતોએ વ્યક્ત કરી હતી. ભચાઉમાં દિવસ દરમ્યાન વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ સાંજે ધોધમાર વરસાદ પડયો હતો. જેના પગલે એક ઈંચ પાણી પડયું હોવાનું જિલ્લા કંટ્રોલરૂમમાં નોંધાયું હતું. ભચાઉ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સાંજે વરસાદી માહોલ જામતાં ખેડૂતોમાં આનંદ છવાયો હતો. હાલનો વરસાદ ખેતીના પાકને ફાયદો કરાવશે, પરંતુ હવે મેઘરાજા ખમૈયા કરે તેવી આશા પણ ખેડૂતો સેવી રહ્યા છે.

### સી.આર.પાટીલના કાર્યક્રમમાં ઘટી દુર્ઘટના

# મોઢા પાસે ફૂટ્યો ફટાકડો સદ્દનસીબે આંખમાં કોઇ ગંભીર ઈજા ન થતાં ભાજપના કાર્યકરોમાં હાશકારો

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૯

રાજ્યમાં આજનો દિવસ ભાજપ માટે ખરાબ સાબિત થઈ રહ્યો છે. આજે ગુજરાત ભાજપના માથેથી બે મોટી ઘાત ટળી ગઈ છે. એક તરફ ભાજપના જ નેતાની હત્યાનું ષડયંત્ર સામે આવ્યું છે ત્યારે બીજી તરફ સૌરાષ્ટ્રના પ્રવાસે રહેલા ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાથે પણ દૂર્ઘટના ઘટતાં કાર્યકરોમાં ચિંતાનો માહોલ છવાયો હતો. ગીર સોમનાથમાં ભાજપના કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ પાટીલના સ્વાગત સમયે મોઢા પાસે ફટાકડો ફૂટ્યો હતો.

ફૂલની પાંદડી ઉડાડવા જે વ્યવસ્થા કરાઈ હતી, તેમાંથી આ દુર્ઘટના બની હતી. સી.આર.પાટીલ આ દુર્ઘટનામાં આંખમાં ઇજા થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં આંખના સર્જનને બતાવવામાં આવ્યુ હતું પરંતુ સદ્દનસીબે કોઇ ગંભીર ઇજા થઇ ન હતી જેથી સી.આર.પાટીલે તેમનો આગળનો યાત્રા પ્રવાસનો કાર્યક્રમ યાથાવત ચાલુ રાખ્યો હતો.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, આજે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને અનેક મોટા નેતાઓ અને કાર્યકરો સૌરાષ્ટ્રની મુલાકાતે છે ત્યારે ગીરસોમનાથમાં એક ગોઝારી ઘટના ઘટી છે.

ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ ના સ્વાગતમાં ફટાકડા ફોડતા આંખમાં ઇજા થઇ હતી. ઇજાગ્રસ્ત પાટીલને આંખના સર્જન પાસે લઇ જવાયા હતા. અભિવાદન સમયે પુષ્પ વર્ષા માટે રાખેલ ગનમાંથી વિસ્ફોટ થયો હતો અને પાટીલના મોઢા પાસે ફટાકડો ફુટ્યો હતો. તેમના અભિવાદન કાર્યક્રમમાં ફૂલની પાંદડી ઉડાડવા જે વ્યવસ્થા કરાઈ હતી,

તેમાંથી આ દુર્ઘટના બની હતી. એક તરફ ભાજપના નેતાની હત્યાનું કાવતરું નિષ્ફળ બનાવાયું છે ત્યારે સી.આર.પાટીલ સાથે બનેલી ઘટના અકસ્માત છે કે તેમાં પણ કોઈ ષડયંત્ર છે તે અંગે ચર્ચા જાગી છે.

# સરકાર ભુમાફિયાઓ પર નકેલ કસવાની તૈયારીમાં ૧૪ વર્ષ સુધીની સજાની જોગવાઇ

ગાંધીનગર,તા.૧૯

ગુજરાતમાં એ જમીન પચાવી પાડવાના ખેલ કરનારા ભૂમાફિયાઓની હવે ખેર નથી. રાજ્ય સરકાર એક નવો કાયદો લાવી રહી છે. જેમાં આકરો દંડ અને કડક સજાની પણ જોગવાઇ છે. સરકાર જે કાયદો લાવી રહી છે જે હેઠળ દોષિતને ૧૪ વર્ષ સુધીની સજા થઇ શકે છે. રાજયમાં ધાકધમકી અને જોરજબરજસ્તીથી જમીન પડાવી લેવાના કિસ્સા વધી રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર ભુમાફિયાઓ પર નકેલ કસવા માટે એન્ટિ લેન્ડ ગ્રેબિંગ કાયદામાં સુધારો કરીને ૧૪ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવા તૈયારી કરી રહી છે. રાજય સરકારના રેવન્યુ વિભાગ દ્વારા આ માટે 'ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહિબિશન) બિલ ૨૦૨૦'નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. જેને વિધાનસભાના આગામી મહિને મળનાર ચોમાસુ સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. આ પ્રસ્તાવિત બિલમાં ગુનો સાબિત થયો હોય તેવા કેસમાં ભુમાફિયાઓને વધુમાં વધુ ૧૪ વર્ષની જેલની સજા અને ઓછામાં ઓછી ૧૦ વર્ષ સજાની જોગવાઈ કરવામાં આવી છે.આ અંગે જાણકારી ધરાવતા ઉચ્ચ સૂત્રોએ કહ્યું કે નવા પ્રસ્તાવિત કાયદા મુજબ જે ગુનેગાર સાબિત થશે તેમણે જે તે જમીનની જંત્રી જેટલો દંડ પણ ભરવો પડશે. એક અહેવાલમાં જણાવ્યું છે. તેમજ જો આ ગુનો આચરનાર કોઈ કંપની હશે તો જ્યારે ગુનો આચરવામાં આવ્યો તે સમયે કંપનીમાં ભાગ ધરાવતા હોય તેવા દરેક વ્યકિત ગુનેગાર ગણાશે અને તેમની વિરુદ્ધ કાયદેસર પગલા લેવામાં આવશે. સૂત્રોએ કહ્યું કે આ કાયદાનું બિલ ગત બજેટ સેશનમાં જ રજૂ થનાર હતું પરંતુ કોવિડ-૧૯ના પરિસ્થિતિને જોતા તે સમયે આ બિલ રજૂ કરવામાં આવ્યું નહોતું. રેવન્યુ વિભાગના ટોચના સૂત્રોએ કહ્યું કે આ પ્રસ્તાવિત કાયદો વધતા જતા જમીન પડાવી લેવાના ગુનાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે.પછી તે વ્યકિતગત ગુનો હોય કે કંપની બનાવીને જમીન પડાવી લેવાનો ગુનો આચર્યો હોય, આ જમીન ધાકધમકી, જોરજબરજસ્તી, ગેરકાયદેસર રીતે પડાવી હોય, જમીન સરકારી હોય, સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની હોય, ટ્રસ્ટની હોય કે પછી વ્યકિતગત માલિકીની તમામ બાબતોને આ નવા કાયદામાં આવરી લેવામાં આવી છે. જમીન પડાવી લેતા આ ભુમાફિયાઓ

# શહેરમાં વિવિધ ૧,૧૫૮ જગ્યાઓ ઉપર સાફ સફાઇ કરીને કુલ ૧,૦૮૭ મેટ્રિક ટન ઘન કચરાનો કરેલ નિકાલ

વડોદરા,તા.૧૯

વડોદરા મહાનગરપાલિકાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે,વડોદરા મહાનગરપાલિકાના ડોર ટુ ડોરના ૨૯૫ વાહનો અને ૧૧૧ ઓપન સ્પોટ વ્હિકલ દ્વારા સાફ સફાઇ કરવામાં આવી હતી.શહેરમાં વિવિધ ૧,૧૫૮ સ્થળોએ સાફ-સફાઇ કરી ૧,૦૮૭ મે.ટન ઘન કચરાને એકત્રીત કરીને તેનો નિકાલ કરવામાં આવ્યો. આજરોજ મહાનગરપાલિકાના ચારેય ઝોનમાં સાફ-સફાઇની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેમાં ૧,૩૧૫ કિલો મેલેથિયોન અને ૫,૦૭૦ કિલો ચૂનાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમો દ્વારા સવાર-સાંજ પેટ્રોલીંગ કરી નાગરિકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સીંગનો હેતુ જળવાઇ તે બાબતની સમીક્ષા કરી.

# સાયકલ-સ્કુટર વેચનારાઓએ સૂચનાઓનો અમલ કરવો

વડોદરા તા.૧૯

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પોલીસ કમિશનરે હુકમ બહાર પાડ્યો છે. સ્કુટર વેચનારાઓ, દુકાન ધરાવનારાઓ, માલિકો, મેનેજર, સંચાલકો, એજન્ટોએ સાયકલ-સ્કુટર વેચનાર તેમજ બેટરીથી ચાલતા સ્કુટર-સાયકલ વેચતા હોય તેમણે સૂચનાઓનો અમલ કરવો. સાયકલ-સ્કુટર ખરીદનાર કે વેચાણકર્તાઓએ બિલ અવશ્ય આપવું. વેચાણ લેનાર ગ્રાહકે ડ્રાઇવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઇલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ કે જેવા મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્ય, સંસદ સભ્ય, કોઇપણ ખાતાના રાજયપત્રિત અધિકારી તરફથી મેળવેલ ઓળખપત્ર-પ્રમાણપત્ર પૈકી કોઇપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ-બેટરીથી ચાલતા સ્કુટર વેચાણકર્તાઓએ મેળવી લેવા.

APAR Tomorrow's solutions today

**અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**

(CIN : L91110GJ1989PLC012802)

**રજીસ્ટર્ડ ઓફિસ :** ૩૦૧, પનોરમા કોમ્પલેક્ષ, આર.સી.દત્ત. રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૭ (ગુજરાત), ઈન્ડીયા.

ફોન નં. (૦૨૬૫) ૨૩૩૯૯૦૬, ફેકસ: (૦૨૬૫) ૨૩૩૦૩૦૯ E-mail : com_sec@apar.com Website : www.apar.com

સિકયોરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી) ના પરિપત્ર ક્રમાંક સેબી/એચઓ/એમઆઈઆરએસડી/ડીઓએસ૩/સીઆઈઆર/પી/૨૦૧૮/૧૩૯ તારીખ: ૦૬-૧૧-૨૦૧૮ અન્વયે આથી સૂચના આપવામાં આવે છે કે નીચે દર્શાવેલ ઈકવીટી શેર્સ જે સંબધિત શેર પ્રમાણપત્રમાં જણાવેલ છે તે શેર તબદીલ લેનારના નામે હસ્તાંતરણ કરવા માટે કંપની પાસે મોકલવામાં આવેલ છે.

| ફોલીઓ નં. | તબદીલ આપનારનું નામ | પ્રમાણપત્ર નંબરો | ડીસ્ટીંકટીવ નંબરો | શેર્સની સંખ્યા | તબદીલ લેનારનું નામ |
|---|---|---|---|---|---|
| એ૦૦૦૧૫૧૫ | એન્નામ્મા પેથ્રોસ | ૧૦૩૦૭૨ અને ૧૦૩૦૭૩ | ૬૪૩૮૩૦-૬૪૩૮૪૧ | ૧૨ | પી.પી. ઝીબી જોસ |

ઉપર દર્શાવેલ શેર્સ પ્રમાણપત્રો અંગે કોઈ વ્યકિતને દાવો હોય તો તેણે આ સૂચના પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર કંપનીને તેની રજીસ્ટર્ડ ઓફિસ પર પહોંચે તે રીતે દાવાના દસ્તાવેજી પુરાવા સાથે સંપૂર્ણ વિગતો કંપનીને મોકલવી. જો આમ કરવામાં નિષ્ફળ રહેશે તો કોઈપણ પ્રકારની વધુ માહિતી આપ્યા વિના કંપની તબદીલ લેનારની તરફેણમાં ઉપરોક્ત સંબંધિત શેર્સના હસ્તાંતરણ માટે આગળ વધશે. આ સૂચનાની પ્રકાશિત કોપી કંપનીની વેબસાઈટ www.apar.com ઉપર મૂકવામાં આવી રહી છે.

અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,
સહી/-
સંજયા કુંદર
કંપની સેકેટરી

સ્થળ : મુંબઈ
તારીખ : ૧૯.૦૮.૨૦૨૦